# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: તૌફીક સમાં

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

તારીખ :31-03-2024 સમય: સાંજે : ૬:૨૫

## ભારતરત્ન સન્માન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ભૂતપૂર્વ નાયબ પ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીને રાષ્ટ્રના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી સન્માનિત કર્યા છે. રાષ્ટ્રપતિએ શ્રી અડવાણીને નવી દિલ્હી ખાતે તેમના નિવાસસ્થાને પુરસ્કાર અર્પણ કર્યો છે.આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ ઘણા વર્ષો થી કચ્છ ના આદિપુર સાથે સંકળાયેલા છે.

RNU AHMDAVAD / તૌફીક સમા

---

## દિવ્યાંગ જનો માટે સક્ષમ એપ

ચૂંટણી પંચની નવી પહેલ અંતર્ગત કચ્છના ૭૫૪૮ દિવ્યાંગોને ચૂંટણીલક્ષી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થઇ શકશે તથા તેઓ લોકશાહીના આ મહાપર્વમાં સહભાગી બની શકશે."Saksham" એપ દિવ્યાંગોને મતદાન માટે નોંધણી કરાવવાનું, તેમનું મતદાન મથક શોધવાનું અને તેમનો મત આપવાનું સરળ બનાવવામાં મદદરૂપ થાય છે. આ એપ દિવ્યાંગજનોને ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેતી વખતે તેમને પડતી કોઈપણ સમસ્યાઓ વિશે ફરિયાદ દાખલ કરવાની પણ સુવિધા આપે છે. એન્ડ્રોઇડ અને આઇઓએસ (ios) એમ બંને પ્રકારની ઓપરેટિંગ સિસ્ટમ ધરાવતા ફોન પર આ એપ સરળતાથી ડાઉનલોડ કરી શકાય છે.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે જિલ્લા કલેક્ટર ના માર્ગદર્શન હેઠળ દિવ્યાંગ મતદારોને તેમની મતદાનની પવિત્ર ફરજ અદા કરવા માટે વિવિધ આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. કચ્છ જિલ્લામાં અબડાસા તાલુકામાં ૪૧૬

દિવ્યાંગ મતદારો, અંજાર તાલુકામાં ૭૩૦, ભચાઉ તાલુકામાં ૬૫૯, ભુજ તાલુકામાં ૧૭૦૨, ગાંધીધામ તાલુકામાં ૬૬૩, લખપત તાલુકામાં ૧૭૭, માંડવી તાલુકામાં ૬૮૨,મુંદરા તાલુકામાં ૩૮૬, નખત્રાણા તાલુકામાં ૬૩૧ તથા રાપર તાલુકામાં ૫૯૯ એમ કુલ કચ્છ જિલ્લામાં ૭૫૪૮ દિવ્યાંગ મતદારો નોંધાયેલા છે.

આ મતદારો માટે કચ્છ જિલ્લામાં ખાસ ૬ દિવ્યાંગ સંચાલિત મતદાન મથકો પણ બનાવવામાં આવશે. દિવ્યાંગ મતદારો મતદાન મથકે સ્વયંસેવકોની સુવિધા સહિત 'SAKSHAM APP' ના માધ્યમથી એડવાન્સમાં વ્હીલચેરની જરૂરિયાત પણ રજિસ્ટર કરાવી શકશે.

માહિતી ખાતું

---

## મતદાન જાગૃતિ અભિયાન

'સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અંતર્ગત કચ્છ જિલ્લામાં મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન જાગૃતિ આવે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર સમગ્ર જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ તેમજ કોલેજોમાં રંગોળીના માધ્યમથી મતદારોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમગ્ર જિલ્લામાં ૫૦થી વધુ સ્થળોએ આવી રંગોળીઓ બનાવવામાં આવી હતી.

કચ્છના ભુજ, નખત્રાણા, મુંદ્રા, માંડવી સહિતના તમામ તાલુકા મથકો અને ગામડાઓની શાળાઓ અને કોલેજો દ્વારા ગામ કે શહેરની જાહેર જગ્યાઓ ઉપર મતદારોમાં મતદાન અંગે જાગૃતિ આવે તે માટે થીમ ઉપર આધારિત સુંદર રંગોળીઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું.. વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી રંગોળીઓ નિહાળી મતદાર મતદાન પ્રત્યે ઉત્સાહિત તેમજ જાગૃત બનશે તેવી ભાવના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

માહિતી ખાતું

## પ્રવેશ પત્ર  ડાઉનલોડ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવનારી વર્ગ – 3 ની ગ્રુપ એ અને ગ્રુપ બી ની પરીક્ષાના પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા માટેની મુદ્દતમાં વધારો કરાયો છે.ઉલ્લેખનીય છે કે આ પ્રવેશપત્રો ડાઉનલોડ કરવાનો આજે છેલ્લો દિવસ હતો. પરંતુ ઘણા ઉમેદવારોએ પ્રવેશપત્રો ડાઉનલોડ ન કર્યાનું ધ્યાને આવતા આ મુદત આગામી 6 એપ્રિલ સુધી વધારવામાં આવી છે.

RNU AHMDAVAD

---

## PHD પ્રવેશ પરીક્ષા

દેશની તમામ સરકારી કે ખાનગી યુનિવર્સિટીમાં પીએચડી માં પ્રવેશ મેળવવા માટે દેશભરમાં એકમાત્ર નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ આપવાની રહેશે.કચ્છ સહિત રાજ્યની તમામ કોલેજ અને યુનિવર્સિટીઓમાં નવી શિક્ષણ નીતિ અમલમાં છે. ત્યારે યુજીસી દ્વારા નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (NET) અને પીએચડી અંગે નવી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. અત્યાર સુધી પીએચ.ડી માટે વિદ્યાર્થીઓએ એન્ટ્રન્સ ટેસ્ટ આપવાની રહેતી હતી. હવે દેશભરમાં એક જ પરીક્ષા લેવાનું નક્કી થયું છે.ઉપરાંત નેટ પરીક્ષાનો સ્કોર ત્રણ અલગ-અલગ કેટેગરીમાં જાહેર થશે.ત્રીજી શ્રેણી ફક્ત પીએચ.ડી નોંધણી માટે અલગથી સામેલ કરાઈ છે, જેનો ઉપયોગ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પીએચ.ડી પ્રવેશ પરીક્ષાના વિકલ્પ તરીકે થઈ શકે છે.નવા સુચનોની અમલવારી આગામી શૈક્ષણિક સત્ર 2024-25થી કરવામાં આવશે.

NP/ તોફીક સમા

---

# મગફળી નું વિક્રમી વાવેતર

જીલ્લામાં સારા વરસાદના કારણે પાણીના તળ ઊંચા આવ્યા છે સાથે ખેતી ક્ષેત્રે પણ સારીસ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે નખત્રાણા તાલુકાના લક્ષ્મીપર (નેત્રા) સહિતના વિસ્તારમાં આ વર્ષ ઉનાળુ  મગફળીનું વિક્રમી વાવેતર કરાયું છે. આ વિસ્તારમાં પાકને પિયત માટે કૂવા બોરના મીઠા પાણીના સ્રોતની ઉપલબ્ધી હોવાના કારણે   આ વિસ્તાર મગફળી પેદાશમાં અગ્રેસર બન્યો છે. મશિનરી યુગ માં પણ ખાસ કરીને  વિખેડા કાઢવાનું કાર્ય બળદની મદદથી કરવાની જૂની પ્રણાલીને  અનેક ખેડૂતોએ અકબંધ રાખી છે.

NP/ તોફીક સમા

---